# શોર્ટ ફિલ્મ ફેસ્ટીવલમાં જોની શર્મા બેસ્ટ ફિલ્મ

ઈન્જેન એડવર્ટાઈઝીંગ અને અરેના મલ્ટીમિડિયાના સંયુકત ઉપક્રમે યોજાયેલ હોટ શોર્ટસ ફિલ્મ કોમ્પીટીશન અને ફેસ્ટિવલમાં ફિલ્મ ક્રિટીક રાજીવ મસંદે જોની શર્મા ને બેસ્ટ ફિલ્મ તરીકે નવાજી હતી. રાજીવ મસંદે કહ્યુ કે મુંબઈમાં જ સર્જનાત્મક વિભુતીઓ છે એવુ નથી વડોદરા જેવા શહેરમાં પણ ખૂબ સુંદર ટેલન્ટ છે. પાંચ મિનિટમાં કહેવાતી વાર્તાઓની શૈલીઓને મને દંગ કરી દીધો છે. આ પ્રકારની પ્રવતિઓ શહેરના કલાકારોને ખુબ સુંદર તક આપે છે. ચોવીસ ફિલ્મોમાંથી બેસ્ટ ફિલ્મ પંસદ કરવાનું ખરેખર પડકારજનક રહ્યું છે. પાંચ મિનિટની ચોવીસ ફિલ્મો ભિન્ન વિષયો અને સારી માવજત થકી પ્રેક્ષણીય બની હતી. ઈન્જનના નીરજ જોષીએ કહ્યુ કે આ પ્રકારના યુનિક કોન્સેપ્ટ ભવિષ્યમાં પણ વડોદરા વાસીઓને સર્જનાત્મક પ્રવૃતિઓમાં રસ લેવા ચોક્કસ પ્રેરશે.